ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૪ ટકા

# જય અંબે પરિવારની પદયાત્રાનું પ્રસ્થાન






ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના જય અંબે પરિવાર દ્વારા સતત ત્રીસમા વર્ષે અંબાજી પદયાત્રા સંઘનું ભારે ઉલ્લાસભર્યા મહાલોમાં પ્રસ્થાન થયું હતું. શહેરના ૨૫૦થી વધુ ભાવિકો 'બોલ મારી અંબે... જય જય અંબે'ના જયઘોષ સાથે અંબાજી પ્રતિ રવાના થયા હતા.

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રચનાત્મક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે પ્રતિ વર્ષે ભાદરવા માસમાં ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું જગતજનની મા જગદંબાની કૃપાદષ્ટિ અને પદયાત્રીઓના અનેરા ઉમંગના સથવારે આયોજન કરવામાં આવે છે. આજે શુભ મુહૂર્તે માતાજીને રથમાં બિરાજમાન કરી તેમજ મા જગદંબાની પવિત્ર ધજાનું પૂજન-અર્ચન કરી, સેકટર-૧૩-બીના શકિતચોકમાંથી માતાજીના નિશાન-ધજા તથા સુંદર કલાત્મક રથ સાથે ૨૫૦થી વધુ પદયાત્રી ભાઈ-બહેનો અને તેમને શુભેચ્છાઓ પાઠવવા તથા દર્શનાર્થે પધારેલ ધર્મપ્રેમી જનતાના 'બોલ માડી અંબે-જય જય અંબે'ના જયઘોષ સાથે સતત ૩૦મી પદયાત્રાની મા જગદંબાની શાહી સવારીનો પ્રારંભ થયો હતો. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંત જહાએ પણ મા જગદંબાના દર્શન કરીને સૌને શુભકામના પાઠવી હતી.

સેકટર-૧૩માંથી પ્રસ્થાન થયેલ આ પદયાત્રા સંઘ ખ રોડ પર ખ-૭થી ક-૭ પર કાન્તિભાઈ આર. પટેલના સેવાકેન્દ્ર ખાતે પહોંચ્યો હતો અને ત્યાંથી 'પટેલ પાર્લર' પરિવારના 'ધરતી ફાર્મ' રાંધેજા ખાતે ભોજન પ્રસાદ ગ્રહણ કરી બપોરનો વિસામો કર્યો હતો. સંઘ આગળ વધતા અંબાજીમાં અગિયારસના દિવસે ધૂન-કિર્તન સાથે વાજતે ગાજતે માતાજીના મંદિરે પવિત્ર ધજા અર્પણ કરી શિખરે લહેરાવશે. પદયાત્રીઓ ઉજાણીનો આનંદ માણી તા. ૨૦મી સપ્ટેમ્બરના રોજ પરત ફરશે. આ દરમિયાન સંઘ રસ્તામાં વાસન મહાદેવ, દેવીપુરા, ઉમતા, શાહુપુરા તથા દાંતા મુકામે રાત્રિ રોકાણ કરશે અને ગોઝારીયા, વિસનગર, ડભોડા, નવાવાસ મુકામે બપોરનો વિશ્રામ કરશે.



## મહાત્મા મંદિર ખાતે કેપીટલ ડેકોર-૨૦૧૮નું આયોજન

### મંડપ ડેકોરેટર્સ એન્ડ લાઈટ સાઉન્ડ એસોસીએશન ગાંધીનગર દ્વારા બે દિવસીય અધિવેશનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજય મંડપ એસોસિએશનનું ૨૬મું અધિવેશન ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિએશનના યજમાન પદે યોજાશે. તા. ૧૭ અને ૧૮ સપ્ટેમ્બર બે દિવસીય મહાત્મા મંદિર ખાતે અધિવેશન રાખવામાં આવેલ છે. આ અધિવેશમાં રાજયભરમાંથી વેપારી મિત્રો ભાગ લેશે. જયારે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ હોવાથી ખાસ સવારે ૯ કલાકે ઘ-૨ થી મહાત્મા મંદિર સુધી વેપારી મિત્રો દ્વારા ૫૦ બાઈક અને ૧૦૦ કાર સાથે રેલીનું આયોજન કરાયું છે. જયારે સવારે ૧૦.૩૦ કલાકે હરીશભાઈ દેસાઈના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

ગાંધીનગર શહેર ખાતે વર્ષ ૨૦૦૦માં પણ ૧૦મું અધિવેશન રાખવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના તમામ મંડપ ડેકોરેટર્સ, મંડપ, લાઈટ, સાઉન્ડ, કેટર્સ, ફલાવરીસ્ટ પાર્ટી પ્લોટના તથા હોલના સંચાલકો, વેપારી મિત્રોનું પ્રતિનિધી મંડળ આવશે. શહેરમાં ૨ દિવસમાં ૪૫૦૦ થી ૬૦૦૦ વેપારી મિત્રો આ અધિવેશનમાં ભાગ લેશે તેમજ ૧૫૦૦૦ નાગરીકો મુલાકાત લેશે. જેમાં ભારતભરમાંથી મંડપ પ્રોડકશનના મેન્યુફેકચર મિત્રોના ૨૦૦ જેવા સ્ટોલનું આયોજન કરાયું છે. જેથી મંડપ ઉદ્યોગમાં નવી ટેકનોલોજી જાણવા મળે અને એક સ્થળેથી ખરીદી કરી શકાય. જેમાં મંડપ કાપડ ફલોરીંગ, ટેબલ, ખુરશી, ટ્રસ્ટ, ડોમ મંડપ ફલાવર, કેટરીંગના વાસણો મેટ્રેસ લાઈટીંગ, તથા સાઉન્ડને લગતા વિષયોથી વેપારી મિત્રોના સ્ટોલનું આયોજન કરાયું છે. પ્રતિનિધી મંડળના સભ્યો માટે ચા પાણી તેમજ ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે. તા. ૧૭ના રોજ સાંજે ૪ કલાકે મેગા હોલમાં વડાપ્રધાનના જન્મદિન નિમિતે કેક કાપવાનો તેમજ સોવેનિયરનું વિમોચન તેમજ રાત્રે ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.જયારે તા.૧૮ ના રોજ સવારે મુલાકાત તથા બ્લડ ડોનેશન કેમ્પ તેમજ જનરલ બેઠકનું આયોજન કરાયું છે. ઓલ ઈન્ડીયા ફેડરેશનના પ્રેસીડન્ટ તથા અન્ય સ્ટોલના એકઝીબીટર્સ સમાપન કાર્યક્રમ પ્રસંગે ખાસ હાજરી આપવા આવશે. ગુજરાત મંડપ એસોસીએશનના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો, તેમજ ગાંધીનગર જિલ્લાના તમામ મેમ્બર કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.



ગાંધીનગર શહેરના સેકટર-૧૨ જ ટાઈપ બ્લોક નં-૧૩૭ પાસે આજે બપોરના સુમારે અચાનક તોંતિગ વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતું. જો કે વૃક્ષ પડ્યું તે સમયે અવર-જવર ના હોવાથી જાનહાની કે માલહાની થવા પામી નથી. પરંતુ વૃક્ષ એવી રીતે પડ્યું હતું કે ઘરમાં રહેલા નાગરીકોને બહાર આવવા માટે ભારે પડોજણ કરવી પડી હતી. જયારે નાગરીકોએ વનતંત્રને જાણ કરતા કર્મચારીઓ દોડી આવ્યા હતા. વૃક્ષનું કટીંગ કરીને તાત્કાલીક જગ્યા કરી હતી.



'ગણપતિ બાપ્પા મોરિયા...' કોઈ પણ તહેવાર-ઉત્સવ આવે એટલે બાળકો ખુશખુશાલ થઈ જાય. સ્કુલ, ટયુશનની જંજાળમાંથી થોડોક સમય મુકિત મેળવી આ ઉત્સવોની ઉજવણીમાં રંગેચંગે જોડાતા બાળકોનો ઉત્સાહ જોવા જેવો હોય છે. ગણેશોત્સવની ઉજવણી ચાલી રહી છે ત્યારે સિધ્ધરાજ ગ્રીન્સ, પેથાપુરના બાળકો શેની, નીધિ, દીપા, જાનુ, આશ્વત, તનિષ, મહર્ષિ, ક્રિશાની, હેત, કશિશ, ફેની, કાવ્યા, જીત, ત્રિષિત અને હેતે ખુબ જ ઉત્સાહથી માટીના ઈકો ફેન્ડલી ગણપતિ બનાવ્યા છે. સોસાયટીના જ સુધાબેન પટેલ દર વર્ષે બાળકોને માટીના ગણપતિ બનાવતા શીખવે છે. આ વર્ષે પણ સુધાબેનની પ્રેરણાથી આ બાળકોએ બનાવેલા ગણપતિ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

## @ગાંધીનગર

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ ખાતે ગણેશ મહોત્સવમાં 'મા-બાપને ભૂલશો નહિ' કાર્યક્રમ રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવમાં સરકારી શાળાના શ્રમજીવી પરિવારના બાળકો દ્વારા ટેલેન્ટ શૉ રાત્રે ૮.૩૦ કલાકે સે-૨૨ રંગમંચ ખાતે યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨-સી ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ૯ કલાકે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર અને સોમનાથ મહાદેવ મંદિર સમિતિ આયોજીત ગણેશ મહોત્સવમાં મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા પાર્ટી રાત્રે ૮.૩૦ કલાકે સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન સે-૧૬ ખાતે યોજાશે.

## વરસોડામાં વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા કક્ષાનું વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન શ્રી સર્વોદય મંડળ વરસોડા સંચાલિત શ્રી અનોપકુંવરબા વિદ્યાલય વરસોડામાં તા. ૧૭-૧૮-૧૯ સપ્ટેમ્બરના રોજ યોજાનાર છે.

તા. ૧૮મીએ આ પ્રદર્શનનું ઉદઘાટન થશે. આ સમારંભના અધ્યક્ષસ્થાને જયવિજયસિંહજી જોરાવરસિંહજી ચાવડા- પ્રમુખ સર્વોદય કેળવણી મંડળ વરસોડા, ઉદઘાટક તરીકે ભીખાભાઈ ચીમનલાલ શાહ, મુખ્ય મહેમાન પદે ગજેન્દ્રસિંહ કેસરીસિંહ ચાવડા-અધ્યક્ષ શ્રી સર્વોદય મંડળ વરસોડા અતિથિવિશેષ તરીકે બી.એમ. ચાવડા અને જાગૃતભાઈ એન. મહેતા તથા ધરણેન્દ્રકુમાર સી. શાહ અને ભરતસિંહ જી. ચાવડા ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

તા. ૧૯મીએ નિસર્ગના ડૉ. અનિલભાઈ પટેલ સવારે ૧૦ કલાકે વિજ્ઞાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત માહિતી આપશે તેમ જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગરના પ્રાચાર્ય આઈ.વી. પટેલ તથા કન્વીનર અને આચાર્ય શ્રી અનોપકુંવરબા વિદ્યાલય વરસોડાના પ્રદિપસિંહ ચાવડાએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ગાંડાજી હમીરજી ઠાકોર, ઉ.વ. ૬૨
- સ્વ. સુમીબેન પૂંજાજી વણઝારા, ઉ.વ. ૮૪

## એસ.જી હાઈવે ઉપરથી બે કેબલ ચોરો ઝડપાયા

### અડાલજ હાઇવે ઉપર આશ્રમની બાજુમાંથી જીઈબીના કેબલ કાપીને ચોરી લીધા હતા : ચોરીના ૧૯ કેબલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૪

અડાલજ નજીક એસ.જી હાઈવે ઉપર કેનાલ પાસેથી ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીના આધારે બે કેબલ ચોરોને દબોચી લીધા હતા. અડાલજના શિવપુરી હુડકા વિસ્તારમાં રહેતા બન્ને શખ્સો એક પ્લાસ્ટિકના થેલામાં એલ્યુમિનિયમના કેબલ વાયરના ટુકડા સંતાડીને લઈ જઈ રહ્યા હતા ત્યારે એલસીબીની ટીમે બંનેને પકડી સઘન પૂછપરછ કરતા તેમણે બે દિવસ પહેલા અડાલજ હાઈવે ઉપર નર્મદા કેનાલ પાસે આશ્રમની બાજુમાંથી જીઈબીના કેબલ ચોરી કર્યા હોવાની કબૂલાત કરી છે. ૧૯ કિલો કેબલ વાયર જપ્ત કરી એલસીબીની ટીમે બંનેની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.




ગાંધીનગર એલસીબી પીઆઇ જે.ડી પુરોહિતની ટીમના પી.એસ.આઈ એચ.કે.સોલંકી તથા તેમના સ્ટાફના માણસો અડાલજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ગઈકાલે હેડ કોસ્ટેબલ સુરેશભાઈને બાતમી મળી હતી કે એસજી હાઈવે ઉપર કેનાલની પાસેથી બે શકમંદો પસાર થઈ રહ્યા છે જેમના હાથમાં જે થેલો છે તે શંકાસ્પદ છે. એલસીબીની ટીમે કેનાલ પાસે જઈને બંને શકમંદોને પકડી થેલો તપાસ કરતા અંદરથી એલ્યુમિનિયમના કેબલ વાયરના ટુકડા મળી આવ્યા હતા. અડાલજના શિવપુરી હુડકા વિસ્તારમાં રહેતા વિક્રમ ઉર્ફે ટોલો ભૈરવસિંહ રાજપુત અને સુરેશ બુધાજી દંતાણી મળી બંને શખ્સોની અટકાત કરી સઘન પૂછપરછ કરતા તે બંને શખ્સોએ બે દિવસ પહેલાં જ અડાલજ કેનાલ પાસે આશ્રમની બાજુમાં જીઈબીના કેબલ કાપીને આ કેબલ ચોર્યા હોવાની વિગતો બહાર આવી હતી. એલસીબીની ટીમે ચોરીના ૧૯ કિલો વજનના કેબલ જપ્ત કરી બંને શખ્સોની ધરપકડ કરી સઘન પૂછતાછ હાથ ધરી છે.

## નિસર્ગ દ્વારા વિશ્વ ઓઝોન દિન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧૪

એકવીસમી સદીની વૈશ્વિક સમસ્યાઓમાં ઓઝોન પડનું પાતળું થવું એ પણ એક મોટી સમસ્યા છે. જે અંગે જનજાગૃતિ કેળવવા માટે ૧૬મી સપ્ટેમ્બરના દિવસને આંતરરાષ્ટ્રીય સ્તરે 'ઓઝોન પડ જાળવણી દિન' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વર્ષની ઓઝોન દિનની થીમ 'કીપ કુલ એન્ડ કેરી ઓન - મોન્ટ્રીયર પ્રોટોકોલ' રાખવામાં આવી છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ વર્ષે આ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. આ વર્ષે કલાયમેન્ટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે તા. ૧૫મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ ખાતે આઈટીઆઈ સે-૧૫ ગાંધીનગરના રેફ્રીજરેશન, એસી તેમજ ઈલેકટ્રોનીકસ ફિલ્ડના ૧૨૫ વિદ્યાર્થીઓ માટે ઓઝોન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ તજજ્ઞો દ્વારા પોપ્યુલર લેકચર, જૂથ ચર્ચા, પ્રશ્નોત્તરી અને ફિલ્મ શૉ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

તા. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર વડી કચેરી અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પર્યાવરણ અને ઓઝોન કવિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરની જુદી જુદી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લેશે. તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ જનજાગૃતિ કાર્યક્રમનું શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલય સે-૨૩ ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને ઓઝોન પડની આવશ્યકતા, તેના રક્ષણ માટે જરુરી પગલા, ઓ.ડી.એસ. પદાર્થો વગેરેની સમજ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓને પર્યાવરણ કિવઝ સ્પર્ધામાં ભાગ લેવો હોય તેમણે નિસર્ગ સાયન્સ સેન્ટર ફોન નં. ૨૩૨૩૫૨૧૫ અથવા ૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩ ૮૨૯૩૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.






ગણેશોત્સવના આરંભ સાથે બાળકો અને મહિલાઓને વિવિધ વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓમાં ભાગ લઈ ભકિતની સાથે આનંદ તેમજ પોતાની કલા-આવડતને નિખારવાની તક મળતી હોય છે. શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સે-૨૨ રંગમંચ ખાતે જયોતિ મહિલા મંડળ દ્વારા આજરોજ હલ્દી કંકુ તથા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આરતી સુશોભન, ફુલદાની શણગાર અને મોદક સ્પર્ધા (લાડુની વાનગી) તેમજ મહિલાઓ માટે ભજન સ્પર્ધાનું પણ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ, ડૉ. તેજલ દલાલ, ડૉ. બિંદી ગજ્જર, શર્મિષ્ઠાબેન દવે, પરમજીત છાબડા, વીણાબેન વોરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા તથા લ્હાણી નીરૂબેન નાયક તરફથી આપવામાં આવી હતી.

## સે-૩-ડી ખાતે ગણેશ યાગનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

શ્રી હરસિધ્ધી સિધ્ધી પીઠ, ગાંધીનગર તથા યુવક મિત્ર મંડળ સેકટર-૩ (ગણેશ ઉત્સવ) દ્વારા તા. ૧૬ સપ્ટેમ્બરને રવિવારના રોજ ભવ્યાતિભવ્ય ગણેશ યાગનું આયોજન સેકટર-૩ ડી નવરાત્રી ચોક કરવામાં આવ્યું છે. ગણેશયાગની સાથે માતા-પિતા વંદના કાર્યક્રમ પણ યોજાશે.

ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી નવરાત્રી ચોક ખાતે રવિવારના રોજ આયોજીત ગણેશ યાગમાં સવારે ૯ કલાકે યજ્ઞ પ્રારંભ થશે. જયારે બપોરે ૧.૩૦ કલાકે ગણપતિ દાદાને ૧૦૦૮ લાડુની આહુતિ આપવામાં આવશે.સાંજે ૫.૧૫ કલાકે અશ્વિનભાઈ જાની ભકતોને આર્શિવચન પાઠવશે. જયારે સાંજે ૫.૩૦ કલાકે યુવક મિત્ર મંડળના હોદ્દેદારો અને સભ્યો પોતાના માતા-પિતાની પૂજા કરશે. આ પ્રકારનો પ્રસંગ ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમવાર બનશે. પ્રત્યક્ષ માતા-પિતાની પૂજા સર્વ પ્રથમ ગણેશજી દ્વારા કરવામાં આવી હતી. ત્યારે આ પ્રસંગે ગણેશ મહોત્સવમાં વિશ્વાસભાઈ જાની પણ પોતાના માતાપિતાની પૂજા કરી ધન્યતા અનુભવશે. જયારે સાંજે યજ્ઞની પૂર્ણાહુતી બાદ સાંજે ૬ કલાકે ભકતો દ્વારા ૧૦૮ દિવડાની મહાઆરતી યોજાશે. ગણેશ યાગ અને મહાઆરતીમાં સૌ નગરજનો અને ગણેશ ભકતોને હાજર રહેવા સેકટર-૩ યુવક મંડળ અને વિશ્વાસભાઈ જાનીએ અનુરોધ કર્યો છે.